# 2017-2018 નિઃશુલ્ક અને ઘટાડેલા દરે શાળા આહાર માટે પ્રોટોટાઈપ ઘરેલુ અરજી

પર ઓનલાઈન અરજી કરો www.abcdefgh.edu

ઘર દીઠ એક અરજી પૂર્ણ કરો. કૃપા કરીને પેનનો ઉપયોગ કરો (પેન્સિલ નહીં).

## પગલ 1 શિશુ, બાળક અને વિદ્યાર્થી હોય તેવા તમામ ઘરેલ સભ્યો અને ધોરણ 12મા અને ત્યા સુધીના વિદ્યાર્થીઓને યાદીમા સામેલ કરો (વધારાના નામો માટે વધુ જગ્યા જોઈતી હોય તો કાગળને વધુ એક પાન જોડો)

ઘરેલુ સભ્યોની વ્યાખ્યા: "એવી કોઈ પણ વ્યક્તિ જે તમારી સાથે રહેતી હોય અને આવક અને ખર્ચમાં ભાગ પડાવતી હોય, પછી ભલેને તે તમારા સંબંધી ન હોય."

પાલક ગૃહમાં રહેતા બાળકો અને પરવિહોણા, હિજરતી અથવા ઘરેથી ભાગેલાની વ્યાખ્યામા આવતા બાળકો નિઃશુલ્ક આહાર માટે લાયક ઠરે છે. વધુ માહિતી માટે કેવી રીતે નિઃશુલ્ક અને ઘટાડેલા દરે શાળા આહાર માટે અરજી કરવી તે વિભાગ વાંચો.

| બાળકનું પ્રથમ નામ | એમઆઇ | બાળકની અટક | ધોરણ | વિદ્યાર્થી? હા | ના | પાલક શિશુ | પરવિહોણું, હિજરતી, ઘરેથી ભાગેલું |
|---|---|---|---|---|---|---|---|
| | | | | ○ | ○ | ☐ | ☐ |
| | | | | ○ | ○ | ☐ | ☐ |
| | | | | ○ | ○ | ☐ | ☐ |
| | | | | ○ | ○ | ☐ | ☐ |
| | | | | ○ | ○ | ☐ | ☐ |

## પગલ 2 શુ હાલ ઘરના કોઈ પણ સભ્ય (તમારા સહિત) નીચનામાથી કોઈ એક અથવા વધુ સહાય કાયક્રમમા સહભાગી થઈ રહ્યા છે: સ્નપ, ટીએએનએફ અથવા એફડીપીઆઈઆર?

જો ના > પગલાં 3 પર જાવ..: જો હા > અહીં કેસ નંબર લખો અને પછી પગલું 4 પર જાવ (પગલું 3 પૂર્ણ કરશો નહીં)

કેસ નંબર: ______

આ જગ્યામાં ફક્ત એક કેસ નંબર લખશો.

## પગલ 3 ઘરના તમામ સભ્યો માટ આવકનો રિપોર્ટ આપશો (જો તમારો જવાબ પગલા 2મા 'હા' હોય તો આ પગલ ચુકી જજો)

અહીં કઈ આવકને સામેલ કરવી તે બાબતે અનિશ્ચિત છો?

પાનું પલટાવો અને વધુ માહિતી માટે "આવકના સ્રોત" શિર્ષક ધરાવતા ચાર્ટને વાંચી જાવ.

"બાળકો માટે આવકના સ્રોતો" ચાર્ટ આપને બાળકની આવકના વિભાગને સમજવામાં મદદરૂપ થશે.

"પુખ્તો માટે આવકના સ્રોતો" ચાર્ટ આપને ઘરના તમામ પુખ્તોના વિભાગને સમજવામાં મદદરૂપ થશે

### એ. બાળકની આવક

ક્યારેક ઘરનું કોઈ બાળક આવક રળતું હોય છે કે મેળવતું હોય છે. કૃપા કરીને અહીં પગલાં 1માં સામેલ તમામ ઘરેલુ સભ્યોએ મેળવેલી કુલ આવકને સામેલ કરશો.

| બાળકની આવક | કેટલી વાર? સાપ્તાહિક | દ્વિ-સાપ્તાહિક | 2x માસિક | માસિક |
|---|---|---|---|---|
| $ | ○ | ○ | ○ | ○ |

### બી. તમામ પુખ્ત ઘરેલુ સભ્યો (તમારા સહિત)

પગલાં 1માં યાદીમાં સામેલ ન હોય તેવા તમામ ઘરેલુ સભ્યોની (તમારા સહિત) યાદી બનાવો પછી ભલેને તેમની કોઈ આવક ન હોય. યાદીમાં સામેલ તમામ ઘરેલુ સભ્ય માટે, જેમની પણ કોઈ આવક હોય તેના દરેક સ્રોત માટે (કરવેરા પૂર્વે) કુલ આવકની સંપૂર્ણ ડોલરમાં જ (સેન્ટમાં નહીં) નોંધ કરાવવી. તેમની કોઈ પણ સ્રોતમાંથી આવક ન હોય તો '0' લખવું. જો તમે '0' લખશો અથવા કોઈ ખાનું ખાલી છોડી દેશો, તો તમે પ્રમાણિત કરી રહ્યા છો કે નોંધવા લાયક કોઈ આવક જ નથી.

| પુખ્ત ઘરેલુ સભ્યોના નામ (પહેલું અને અટક) | કામમાંથી આવક | કેટલી વાર? સાપ્તાહિક | દ્વિ-સાપ્તાહિક | 2x માસિક | માસિક | જાહેર સહાય/ બાળ સહાય/ભરણપોષણ | કેટલી વાર? સાપ્તાહિક | દ્વિ-સાપ્તાહિક | 2x માસિક | માસિક | પેન્શન/ નિવૃત્તિ/ અન્ય તમામ આવક | કેટલી વાર? સાપ્તાહિક | દ્વિ-સાપ્તાહિક | 2x માસિક | માસિક |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | $ | ○ | ○ | ○ | ○ | $ | ○ | ○ | ○ | ○ | $ | ○ | ○ | ○ | ○ |
| | $ | ○ | ○ | ○ | ○ | $ | ○ | ○ | ○ | ○ | $ | ○ | ○ | ○ | ○ |
| | $ | ○ | ○ | ○ | ○ | $ | ○ | ○ | ○ | ○ | $ | ○ | ○ | ○ | ○ |
| | $ | ○ | ○ | ○ | ○ | $ | ○ | ○ | ○ | ○ | $ | ○ | ○ | ○ | ○ |
| | $ | ○ | ○ | ○ | ○ | $ | ○ | ○ | ○ | ○ | $ | ○ | ○ | ○ | ○ |

કુલ ઘરેલુ સભ્યો (બાળકો અને પુખ્તો) ______

પ્રાથમિક મહેનતાણું રળનાર અથવા અન્ય પુખ્ત ઘરેલુ સભ્યના સોશ્યલ સિક્યુરિટી નંબરના (એસએસએન) છેલ્લા ચાર અંકો: X X X - X X - ____

કોઈ એસએસએન ન હોય તો ખરું કરો ☐

## પગલ 4 સપક માહિતી અને પુખ્તના હસ્તાક્ષર

"હું પ્રમાણિત કરું છું (વચન આપું છું) કે આ અરજીમાં આપેલી સઘળી માહિતી સાચી છે અને તમામ આવકની નોંધ કરાઈ છે. હું સમજું છું કે આ માહિતી ફેડરલ ફંડની પ્રાપ્તિના સંબંધમાં અપાયેલી છે, અને સ્કૂલ અધિકારીઓ આ માહિતીની ખરાઈ (ચકાસણી) કરી શકે છે. મને આ વાતની જાણ છે કે જો મેં જાણી જોઈને ખોટી માહિતીઆપી હશે, તો મારા બાળકો આહારને લગતા લાભો ગુમાવી શકે છે, અને મારી સામે લાગુ પડતા રાજ્ય તથા ફેડરલ કાયદાઓ હેઠળ અદાલતી કાર્યવાહી થઈ શકે છે."

| | | | | |
|---|---|---|---|---|
| શેરીનું સરનામું (જો ઉપલબ્ધ હોય) | એપાર્ટમેન્ટ # | શહેર | રાજ્ય | ઝીપ |
| દિવસના સમયે ફોન તથા ઈમેઈલ (વૈકલ્પિક) | | | | |
| ફોર્મમાં હસ્તાક્ષર કરી રહેલા પુખ્તનું પ્રકાશિત નામ | પુખ્તના હસ્તાક્ષર | આજની તારીખ | | |

## સચનાઓ | આવકના સ્રોતો

| બાળકો માટે આવકનો | |
|---|---|
| બાળકની આવકના સ્રોતો | દૃષ્ટાંત(તો) |
| - કામથી આવક | - બાળકની પાસે કોઈ ફુલટાઈમ કે પાર્ટટાઈમ કામ છે જ્યાં તેને વેતન કે મહેનતાણું મળે છે |
| - સોશ્યલ સિક્યુરિટી<br>- વિકલાંગતા સહાય<br>- સર્વાઈવર લાભો | - બાળક પ્રજ્ઞાચક્ષુ કે વિકલાંગ છે અને તેને સોશ્યલ સિક્યુરિટી લાભો મળે છે<br>-વાલીઓ વિકલાંગ, નિવૃત્ત અથવા રોગગ્રસ્ત છે અને તેમના બાળકને સોશ્યલ સિક્યુરિટી લાભો મળી રહ્યા છે |
| - ઘર બહારની વ્યક્તિની આવક | - એક મિત્ર અથવા પરિવારના કોઈ દૂરના સગા જે નિયમિત રીતે બાળકના ખર્ચના નાણાં આપે છે |
| - અન્ય કોઈ સ્રોતની આવક | - બાળકને કોઈ ખાનગી પેન્શન ફંડ, એન્યુઈટી, કે ટ્રસ્ટમાંથી નિયમિત આવક પ્રાપ્ત થાય છે |

| પુખ્તો માટે આવકનો સ્રોત | | |
|---|---|---|
| કામથી આવક | જાહેર સહાય/ ભરણપોષણ / બાળ સહાય | પેન્શન/ નિવૃત્તિ/ અન્ય તમામ આવકો |
| - વેતન, મહેનતાણાં, રોકડ બોનસ<br>- સ્વ-રોજગારમાંથી ચોખ્ખી આવક (ખેતી અથવા વેપાર)<br><br>જો તમે યુએસ મિલિટ્રીમાં હોવ<br><br>- બેઝિક વેતન અને રોકડ બોનસ (યુદ્ધ વેતન, એફએસએસએ અથવા ખાનગીકૃત આવાસ ભથ્થાને સામેલ ન કરશો)<br>- ઓફ-બેઝ આવાસ, આહાર અને વસ્ત્રો માટેનાં ભથ્થાં | - બેરોજગારી ભથ્થું<br>- કામદારનું વળતર<br>- પૂરક સુરક્ષા આવક (એસએસઆઈ)<br>- રાજ્ય અથવા સ્થાનિક સરકાર તરફથી રોકડ સહાય<br>- ભરણપોષણની ચૂકવણી<br>- બાળ સહાય ચૂકવણી<br>- વરિષ્ઠ નાગરિક લાભો<br>- લાભો જણાવો | - સોશ્યલ સિક્યુરિટી (રેલરોડ નિવૃત્તિ અને બ્લેક લંગ લાભો સહિત)<br>- ખાનગી પેન્શન અથવા વિકલાંગતા લાભો<br>- ટ્રસ્ટ અથવા એસ્ટેટમાંથી નિયમિત આવક<br>- એન્યુઈટી<br>- રોકાણની આવક<br>- રળેલું વ્યાજ<br>- ભાડાંની આવક<br>- ઘરબહારના સભ્ય તરફથી નિયમિત ચૂકવાતી રોકડ રકમ |

## વૈકલ્પિક | બાળકની વંશીય અને મૂળ ઓળખો

તમારા બાળકના મૂળ અને વંશ વિશે માહિતી માટે પૂછવું અમારા માટે જરૂરી છે. આ માહિતી મહત્ત્વની છે અને તેનાથી અમને એ નિશ્ચિત કરવામાં મદદ મળે છે કે અમે અમારા સમુદાયની પૂર્ણ સેવા કરી રહ્યા છીએ કે કેમ. આ વિભાગમાં જવાબ આપવો વૈકલ્પિક છે અને તેનાથી મફત અથવા ઘટાડેલા દરે આહાર માટે તમારા બાળકની યોગ્યતાને કોઈ અસર નહીં થાય.

વંશીયતા (એક ખરું કરો): ◯ હિસ્પાનિક અથવા લેટિન ◯ બિન હિસ્પાનિક અથવા લેટિન

વંશ (એક અથવા વધુ ખરું કરો): ☐ અમેરિકન ઈન્ડિયન અથવા અલાસ્કન મૂળના ☐ એશિયન ☐ અશ્વેત અથવા આફ્રિકન અમેરિકન ☐ મૂળ હવાઈના અથવા અન્ય પેસિફિક ટાપુના ☐ શ્વેત

રિચાર્ડ બી રસેલ નેશનલ સ્કૂલ લંચ ધારા હાઠળ આ અરજીમાં માહિતીની જરૂર છે. તમારે માહિતી આપવાની નથી, પરંતુ જો તમે નહીં આપો, તો અમે નિઃશુલ્ક અથવા ઘટાડેલા દરે તમારા બાળકને અનુમતિ આપી શકીએ નહીં. તમારે આ અરજી પર હસ્તાક્ષર કરનારા દરેક પુખ્ત ઘરેલુ સભ્યના સોશ્યલ સિક્યુરિટી નંબરના છેલ્લા ચાર અંકને સામેલ કરવા પડશે. જો તમે કોઈ પાલક શિશુ વતી અરજી કરી રહ્યા હોવ, અથવા તમે સપ્લિમેન્ટલ ન્યૂટ્રિશન આસિસ્ટન્સ પ્રોગ્રામ (સ્નેપ), ટેમ્પરરી આસિસ્ટન્સ ફોર નીડી ફેમિલીઝ (ટીએએનએફ) અથવા ફૂડ ડિસ્ટ્રીબ્યૂશન પ્રોગ્રામ ઓન ઈન્ડિયન રિઝર્વેશન્સ (એફડીપીઆઈઆર) કેસ નંબરનો યાદીમાં સમાવેશ કરશો અથવા તમારા બાળક માટે અન્ય એફડીપીઆઈઆર ઓળખ આપશો અથવા તમે એવો સંકેત આપશો કે આ અરજી પર હસ્તાક્ષર કરનારી પુખ્ત વ્યક્તિ પાસે સોશ્યલ સિક્યુરિટી નંબર નથી તો તમારે સોશ્યલ સિક્યુરિટી નંબરનો ઉલ્લેખ કરવાની જરૂર નથી. તમારું બાળક મફત અથવા ઘટાડેલા દરે આહાર મેળવવા અને વહીવટીતંત્ર માટે અને લંચ તથા બ્રેકફાસ્ટ અમલીકરણ માટે લાયક ઠરે છે કે કેમ તે નિર્ધારિત કરવા અમે આ માહિતીનો ઉપયોગ કરીશું. અમે તમારી લાયકાતની માહિતીની શિક્ષણ, આરોગ્ય અને પોષણ કાર્યક્રમ વિભાગો સાથે વહેંચણી કરી શકીએ છીએ જેથી તેમને તેમના કાર્યક્રમોના લાભોને નિર્ધારિત કરવા, ભંડોળ અથવા આકલન કરવા, કાર્યક્રમ સમીક્ષાઓ માટે ઓડિટર્સને અને કાયદાનો અમલ કરાવનારા અધિકારીઓને કાર્યક્રમના નિયમોના ભંગની ચકાસણી માટે મદદ મળી શકે.
ફેડરલ સિવિલ રાઈટ્સ લો અને યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ એગ્રીકલ્ચર (યુએસડીએ) સિવિલ રાઈટ્સ નિયમનો તેમજ નીતિઓ, યુએસડીએ, તેની એજન્સીઓ, કચેરીઓ, અને કર્મચારીઓ તેમજ યુએસડીએ કાર્યક્રમમાં સહભાગી થતી અથવા વહીવટ સંભાળતી એજન્સીઓ પર વંશ, વર્ણ, રાષ્ટ્રીયતા, જાતિ, વિકલાંગતા, ઉંમર, અથવા પૂર્વગ્રહ કે પછી યુએસડીએના ફંડથી કે આચરણ દ્વારા અગાઉના કોઈ કાર્યક્રમ કે પ્રવૃત્તિમાં નાગરિકી અધિકારોની પ્રવૃત્તિના પ્રત્યાઘાતરૂપે ભેદભાવ કરવા સંબંધે પ્રતિબંધ ફરમાવાયો છે.

વિકલાંગ વ્યક્તિઓ કે જેમને કાર્યક્રમની માહિતી માટે સંદેશાવ્યવહારના વૈકલ્પિક સાધનોની જરૂર હોય (જેમકે બ્રેઈલ, મોટી પ્રિન્ટ, ઓડિયોટેપ, અમેરિકન સંકેત ભાષા, વગેરે) તો તેમણે એજન્સીનો (સ્થાનિક અથવા રાજ્ય) સંપર્ક કરવો જ્યાં તેમણે લાભો માટે અરજી કરી હોય. બહેરા, મૂંગા અથવા બોલવામાં તકલીફ હોય તેવી વ્યક્તિઓ યુએસડીએનો ફેડરલ રિલે સર્વિસનો (800) 877-8339 પર સંપર્ક કરી શકે છે. તદુપરાંત, કાર્યક્રમની માહિતી અંગ્રેજી સિવાયની ભાષાઓમાં પણ ઉપલબ્ધ થઈ શકે છે.
કાર્યક્રમ હેઠળ ભેદભાવની ફરિયાદ કરવા યુએસડીએ પ્રોગ્રામ ડિસ્ક્રિમિનેશન કમ્પ્લેઈન્ટ ફોર્મ પૂરેપૂરું ભરવું જે ઓનલાઈન http://www.ascr.usda.gov/complaint_filing_cust.html પરથી અને યુએસડીએની કોઈ પણ કચેરીએથી પ્રાપ્ત કરી શકાશે અથવા યુએસડીએને સંબોધિત એક પત્ર લખવો અને આ પત્રમાં ફોર્મમાં મંગાયેલી તમામ માહિતી ભરી આપવી. ફરિયાદપત્રની નકલની વિનંતી માટે (866) 632-9992 પર કોલ કરો. તમારું પૂરેપૂરું ભરાયેલું ફોર્મ અથવા પત્ર યુએસડીએને આના દ્વારા મોકલી આપો:

ટપાલ: યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ એગ્રીકલ્ચર
ઓફિસ ઓફ ધ આસિસ્ટન્ટ સેક્રેટરી ફોર સિવિલ રાઈટ્સ
1400 ઈન્ડિપેન્ડન્સ એવન્યુ, એસડબ્લ્યુ
વોશિંગ્ટન, ડી.સી. 20250-9410
ફેક્સ: (202) 690-7442; અથવા
ઈમેઈલ: program.intake@usda.gov.

આ સંસ્થા સમાન તકો પૂરી પાડે છે.

## અહીં વિગતો ભરશો નહીં | ફક્ત સ્કૂલના ઉપયોગ હત

Annual Income Conversion: Weekly x 52, Every 2 Weeks x 26, Twice a Month x 24 Monthly x 12

Total Income ______

How often? ◯ Weekly ◯ Bi-Weekly ◯ 2x Month ◯ Monthly

Household size ______

Categorical Eligibility ☐

Eligibility: ◯ Free ◯ Reduced ◯ Denied

Determining Official's Signature ______ Date ______

Confirming Official's Signature ______ Date ______

Verifying Official's Signature ______ Date ______

# MEDICAID/CHIP સાથે વહેંચણી માહિતી

માતા-પિતા/વાલી:

જો તમારું બાળક મસ્ત કે ઘટાડેલ દરે શાળા ભોજન મેળવે છે તો તેઓ મેડિકેઇડ અથવા રાજ્યનાં બાળકોનો સ્વાસ્થ્ય વીમા કાર્યક્રમ (CHIP) નો મફત અને ઓછી કિંમતનો વીમો મેળવવા પાત્રતા ધરાવી શકે છે. સ્વાસ્થ્ય વીમા સાથેનાં બાળકો મોટેભાગે નિયમિત સ્વાસ્થ્ય કાળજી મેળવશે અને માંદગીને કારણે મોટેભાગે બહુ ઓછી શાળા ગુમાવશે.

કારણ કે બાળકોની કુશળતા માટે સ્વાસ્થ્ય વીમો ખૂબ જરૂરી છે, *કાયદો અમને Medicaid અનેSCHIP ને જણાવવાની પરવાનગી આપે છે કે તમે મેળવવા ના માંગતા હોય તેવું* ***અમને જણાવો તે સિવાય*** *આપનું બાળક મફત અને ઘટાડેલાં દરે ભોજન મેળવવાં પાત્રતા ધરાવે છે.* Medicaid અને CHIP માત્ર એવા બાળકને ઓળખવાં માહિતીનો ઉપયોગ કરશે કે જેઓ પોતાનાં કાર્યક્રમો માટે પાત્રતા ધરાવી શકે છે. કાર્યક્રમ અધિકારીઓ આપના બાળકને દાખલ કરવાની ઓફર કરવાં માટે આપનો સંપર્ક કરશે. મફત અને ઘટાડેલાં દરે શાળા ભોજન અરજી કરવાથી ઓટોમેટિક આપના બાળકને સ્વાસ્થ્ય વીમામાં પ્રવેશ મળતો નથી.

જો તમે Medicaid અથવા CHIP સાથે જો તમે તમારી માહિતી વહેંચવાં માંગતાં નથી તો નીચેનું ફોર્મ ભરો અને મોકલો (આ ફોર્મમાં મોકલવાથી તમારું બાળક મફત કે ઘટાડેલાં દરે ભોજન મેળવતું હશે તો તેમાં કોઇ ફેરફાર થશે નહીં.

---

☐ **ના! મને** રાજ્યનો બાળકોનાં *Medicaid* કે સ્વાસ્થ્ય વીમા કાર્યક્રમ સાથે વહેંચેલ મારી મફત અને ઘટાડેલો દરની શાળા ભોજન અરજીમાંથી માટે કોઇ માહિતી **જોઇતી નથી.**

જો તમે ના લખ્યું છે તો એ સુનિશ્ચિત કરવાં નીચેનું ફોર્મ ભરો કે આપની માહિતી નીચે દર્શાવેલ બાળક (બાળકો) માટે આપની માહિતી વહેંચવામાં નહીં આવે:

બાળકનું નામ: ______________________ શાળા: ______________________

બાળકનું નામ: ______________________ શાળા: ______________________

બાળકનું નામ: ______________________ શાળા: ______________________

બાળકનું નામ: ______________________ શાળા: ______________________

માતા-પિતા/વાલીની સહી: ______________________ તારીખ: ____________

પ્રિંટ કરેલ નામ: ______________________

સરનામું: ______________________

______________________

વધુ માહિતી માટે તમે [name] ને [phone] પર ફોન કરી શકો છો કે [e-mail address]પર ઇ-મેઇલ કરી શકો છો.

આ ફોર્મ [address] ને [date] પહેલાં પરત કરો..

# નિ:શુલ્ક અને ઘટાડેલા દરે સ્કૂલ આહાર માટે કેવી રીતે અરજી કરવી

નિ:શુલ્ક અથવા ઘટાડેલા દરે સ્કૂલ આહાર માટે અરજી કરવામાં તમને મદદ મળે તે હેતુ કૃપા કરીને આ સૂચનાઓનો ઉપયોગ કરશો. તમારે ઘર દીઠ એક જ અરજી રજૂ કરવાની જરૂર છે, પછી ભલેને તમારા બાળકો [School District]માં એક કરતા વધુ સ્કૂલમાં હાજરી આપતા હોય. તમારું બાળક નિ:શુલ્ક અથવા ઘટાડેલા દરે સ્કૂલ આહાર માટે પ્રમાણભૂત થાય તે માટે અરજીને પૂરેપૂરી ભરવી ફરજિયાત છે. કૃપા કરીને ક્રમમાં આ સૂચનાઓને અનુસરશો! આ સૂચનાઓમાંનું દરેક પગલું તમારી અરજીના પગલાંના જેવું જ છે. જો કોઈ પણ સમયે તમે શું કરવું તે વિશે નિશ્ચિત ન હોવ, તો કૃપા કરીને [School/school district contact here; phone and email preferred]નો સંપર્ક કરવો.

આ અરજી ભરતી વેળાએ કૃપા કરીને પેનનો (પેન્સિલનો નહીં) ઉપયોગ કરવો અને તેની સ્પષ્ટ પ્રિન્ટ નિકળે તે માટે તમારા શ્રેષ્ઠ પ્રયાસો કરવા.

## પગલું 1: નવજાત શિશુ, બાળક અને 12મા ધોરણ સહિત સુધીના વિદ્યાર્થી હોય તેવા તમામ પરિવારજનોની યાદી બનાવો

અમને જણાવો કે તમારા પરિવારમાં કેટલા નવજાત શિશુ, બાળકો અને સ્કૂલે જતા વિદ્યાર્થીઓ રહે છે. તમારા પરિવારનો હિસ્સો બનવા માટે તેઓ તમારા સંબંધી હોય તેવું જરૂરી નથી.
મારે અહીં શેની યાદી રજૂ કરવી? જ્યારે આ વિભાગ ભરી રહ્યા હોવ, ત્યારે કૃપા કરીને તમારા પરિવારના એવા તમામ સભ્યોને સામેલ કરશો જેઓ હોય:

- 18 વર્ષ કે તેથી ઓછી આવકના બાળકો અને જેઓ પરિવારની આવક પર નભતા હોય;
- પાલક વ્યવસ્થા હેઠળ તમારી કાળજીમાં હોય, અથવા બેઘર, કે પછી હિજરતી, ઘરેથી ભાગેલા તરુણ તરીકે લાયક ઠરતા હોય;
- જે બાળકો [school/school system here]માં ભાગ લઈ રહ્યા હોય, પછી તેમની વય ગમેતે હોય.

| | | | |
|---|---|---|---|
| A)દરેક બાળકના નામની યાદી રજૂ કરો.દરેક બાળકના નામની પ્રિન્ટ કાઢો. દરેક બાળક માટે અરજીની એક લાઈનનો ઉપયોગ કરો. નામની પ્રિન્ટ કાઢી રહ્યા હોવ, ત્યારે દરેક ખાનામાં એક અક્ષર લખવો. જો તમારી પાસે જગ્યા ન હોય તો અટકી જજો. જો અરજીમાં ઉપસ્થિત લાઈનો કરતા વધુ બાળકો હોય તો કાગળનો બીજો ટુકડો બીડવો અને વધારાના બાળક માટે તમામ જરૂરી માહિતી ભરવી. | B)શું બાળક [name of school/school system here]ખાતે વિદ્યાર્થી છે? "વિદ્યાર્થી" શિર્ષકવાળા ખાનામાં 'Yes' અથવા 'No' પર ખરું કરો અને અમને જણાવો કે કયું બાળક [name of school/school district here] માં હાજરી આપે છે. જો તમે 'Yes,' પર ખરું કરો તો 'Grade' ખાનાની જમણી બાજુએ વિદ્યાર્થીનું ધોરણ લખવું. | C)શું તમારી પાસે કોઈ પાલક બાળક છે? જો યાદીમાં સામેલ કરેલું કોઈ પણ બાળક પાલક હોય, તો બાળકના નામની બાજુના "Foster Child" ખાનામાં ખરું કરો. જો તમે પાલક બાળક માટે જ અરજી કરી રહ્યા હોવ, તો પગલું 1 પૂર્ણ કર્યા બાદ પગલાં 4 પર જાવ. તમારી સાથે રહેતું પાલક બાળક તમારા પરિવારના સભ્ય તરીકે ગણવા પાત્ર ઠરે છે અને તેનો તમારી અરજીની યાદીમાં ઉલ્લેખ કરવો જોઈએ. જો તમે બંને પાલક અને બિન-પાલક બાળક માટે અરજી કરી રહ્યા હોવ તો પગલાં 3 પર જાવ. | D) શું કોઈ બાળક બેઘર, હિજરતી કે ઘરેથી ભાગેલું છે? જો તમને લાગતું હોય કે આ વિભાગની યાદીમાં સામેલ કરાયેલું કોઈપણ બાળક આ વિવરણ સાથે મેળ ખાય છે, તો બાળકના નામની બાજુમાં આવેલા "Homeless, Migrant, Runaway" ખાનામાં ખરું કરો અને અરજીનાં તમામ પગલાંને પરિપૂર્ણ કરો. |

## પગલું 2: શુંપરિવારના કોઈ પણ સભ્ય હાલ સ્નેપ, ટીએએનએફ, અથવા એફડીપીઆઈઆરમાં સહભાગી છે?

જો તમારા પરિવારમાંથી (તમારા સહિત) કોઈ પણ હાલ નીચે દર્શાવેલા એક અથવા વધુ સહાય કાર્યક્રમમાં સહભાગી થતા હોવ, તો તમારૂં બાળક મફત સ્કૂલ આહાર માટે લાયક ઠરે છે:

- સપ્લિમેન્ટલ ન્યૂટ્રિશન આસિસ્ટન્સ પ્રોગ્રામ (સ્નેપ) અથવા [insert State SNAP here].
- ટેમ્પરરી આસિસ્ટન્સ ફોર નીડી ફેમિલીઝ (ટીએએનએફ) અથવા [insert State TANF here].
- ફૂડ ડિસ્ટ્રીબ્યૂશન પ્રોગ્રામ ઓન ઈન્ડિયન રિઝર્વેશન્સ (એફડીપીઆઈઆર).

| એ) જો તમારા પરિવારમાંથી કોઈ પણ ઉપરની યાદીના કોઈ પણ કાર્યક્રમમાં સહભાગી થતું ન હોય તો: | બી)જો તમારા પરિવારમાંથી કોઈ પણ ઉપરની યાદીના કોઈ પણ કાર્યક્રમમાં સહભાગી થતું હોય તો: |
|---|---|
| • પગલું 2 ખાનું ખાલી છોડી દો અને પગલું 3 પર જાવ. | • સ્નેપ, ટીએએનએફ, અથવા એફડીપીઆઈઆર માટે કેસ નંબર લખો. તમારે ફક્ત એક કેસ નંબર રજૂ કરવાનો છે. જો તમે આમાંના કોઈ એક કાર્યક્રમમાં સહભાગી થતા હોવ અને તમારો કેસ નંબર જાણતા ન હોવ, તો[State/local agency contacts here]નો સંપર્ક કરો.<br>• પગલાં 4 પર જાવ. |

## પગલું 3: પરિવારના તમામ સભ્યો માટે આવકની નોંધ કરાવો

### મારે મારી આવકની નોંધ કેવી રીતે કરાવવી?

- "પુખ્તો માટે આવકના સ્રોતો" અને "બાળકો માટે આવકના સ્રોતો,"શિર્ષક ધરાવતા ચાર્ટ્સનો ઉપયોગ કરો, જેને અરજીપત્રની પાછળના ભાગે પ્રિન્ટ કરાયેલા છે, જેનો હેતુ એ નિર્ધારિત કરવાનો છે કે તમારા ઘરની નોંધ કરવા માટે કોઈ આવક છે કે કેમ.
- તમામ આવકોની ફક્ત કુલ રકમમાં નોંધ કરાવો. તમામ આવકને આખા ડોલરમાં નોંધશો. સેન્ટને સામેલ કરશો નહીં.
  - કુલ આવક એ કરવેરા પૂર્વે પ્રાપ્ત કરેલુ કુલ આવક છે
  - ઘણા લોકોને લાગે છે કે આવક એટલે કુલ "ગ્રોસ" નહીં પરંતુ ફક્ત તેઓ "ઘરે લઈ જાય છે" તે જ રકમ. એટલું સુનિશ્ચિત કરશો કે તમે આ અરજી પર જે આવકની નોંધ કરો છો તેને કરવેરા ચૂકવવા, વીમાના પ્રિમિયમ અથવા તમારા વેતનમાંથી મેળવાયેલી અન્ય કોઈ પણ રકમને ચૂકવવા માટે ઘટાડવામાં આવતી નથી.
- નોંધ કરવા માટે કોઈ આવક જ ન હોય તો તેને લગતા ખાનામાં "0" લખો. ખાલી છોડી દેવાયેલા હોય તેવા આવકના કોઈ પણ ખાનાને પણ શૂન્ય તરીકે ગણવામાં આવશે. જો તમે '0' લખો છો અથવા કોઈ ખાનું ખાલી છોડો છો, તો તમે પ્રમાણિત (વચનબદ્ધ) કરો છો કે નોંધ કરવા માટે કોઈ આવક જ નથી. જો સ્થાનિક અધિકારીઓને શંકા જશે કે તમે તમારી પારિવારિક આવકની ખોટી નોંધ કરાવી છે, તો તમારી અરજીની ચકાસણી થઈ શકે છે.
- દરેક ખાનાની જમણી બાજુએ આપેલા ખાનામાં ખરાની નિશાની કરીને જે પણ પ્રકારની આવક મેળવાઈ હોય તેની નોંધ કરશો.

### 3.એ.બાળકે રળેલી આવકની નોંધ કરાવવી

એ) બાળકે રળેલી અથવા મેળવેલી કોઈ પણ આવકની નોંધ કરશો."બાળકોની કુલ આવક" તરીકે દર્શાવાયેલા ખાનામાં તમારા પરિવારમાં પગલાં 1 તરીકે યાદીમાં સામેલ તમામ બાળકો માટેની કુલ આવકની નોંધ કરાવશો. તમારા બાકીના પરિવારજનની સાથે તમે પાલક બાળક માટે પણ અરજી કરી રહ્યા હોવ તો જ તેની આવકની ગણતરી કરશો.

## પગલું 3: પરિવારના તમામ સભ્યો માટે આવકની નોંધ કરાવો

***બાળકની આવક કોને કહેવાય?***બાળકની આવક એટલે તમારા બાળકને સીધેસીધી ચૂકવણી કરાઈ હોય તેવી તમારા પરિવાર બહાર પ્રાપ્ત કરાયેલા નાણાં. ઘણા પરિવારોમાં બાળકોની આવક નથી હોતી.

### 3.બીપુખ્તો દ્વારા રળાયેલી આવકની નોંધ

**મારે અહીં કોની યાદી રજૂ કરવી?**

- આ વિભાગને ભરી રહ્યા હોવ ત્યારે કૃપા કરીને તમારા પરિવારના તમામ પુખ્ત સભ્યોને સામેલ કરશો જેઓ તમારી સાથે વસવાટ કરી રહ્યા હોય અને આવક તથા ખર્ચમાં ભાગ પડાવતા હોય, તેઓ તમારા કોઈ સંબંધી ન હોય અને તેઓ તેમની પોતાની કોઈ આવક રળી ન રહ્યા હોય તો પણ.
- ***સામેલ કરશો નહીં:***
  - લોકો જેઓ તમારી સાથે રહેતા હોય પરંતુ તમારા પરિવારજનની આવક દ્વારા સમર્થિત ન હોય અને તમારા પરિવારની આવકમાં યોગદાન આપતા ન હોય.
  - પગલાં 1 માં અગાઉથી સામેલ કરાયેલા બાળકો અને વિદ્યાર્થીઓ.

| | | |
|---|---|---|
| એ) પરિવારના પુખ્ત વયના સભ્યોના નામની યાદી આપો. "પરિવારના પુખ્તવયના સભ્યો (પ્રથમ અને છેલ્લા)" તરીકે ખરું કરાયેલા ખાનામાં પરિવારના દરેક સભ્યના નામની પ્રિન્ટ કાઢો. તમે પગલાં 1 માં સામેલ કર્યા હોય તેવા કોઈ પણ પરિવારજનની યાદી ન બનાવશો. જો પગલાં 1માં સમાવેશ કરાયેલા કોઈ બાળકની આવક હોય, તો પગલાં 3, ભાગ એમાં અપાયેલી સૂચનાઓને અનુસરો. | બી) કામમાંથી આવકની નોંધ કરો. અરજી પર "કામમાંથી આવક" ખાનામાં કામમાંથી થયેલી સઘળી આવકની નોંધ કરો. આ સામાન્યરીતે નોકરીમાં કામ કરવાથી મેળવેલા નાણાં હોય છે. જો તમે સ્વ-રોજગાર વ્યાપાર ધરાવતા હોવ કે ખેતરના માલિક હોવ, તો તમારે તમારી ચોખ્ખી આવકની નોંધ કરવી.<br><br>***હું સ્વ-રોજગાર ધરાવતો હોઉં તો શું?***ચોખ્ખી રકમ તરીકે કામ કરવાથી થયેલી આવકને દર્શાવવી. આની ગણતરી તમારા વ્યાપારના કુલ વહીવટી ખર્ચની રકમને કુલ આવક અથવા મેળવેલી રકમમાંથી બાદ કરીને હાથ ધરાય છે. | સી) જાહેર સહાય/બાળ સહાય/ભરણપોષણ તરીકે મેળવેલી આવકની નોંધ કરવી. "જાહેર સહાય/બાળ સહાય/ભરણપોષણ" તરીકે મેળવેલી તમામ આવકને અરજીના લાગુ પડતા ખાનામાં દર્શાવવી. ચાર્ટમાં સામેલ કરાયેલ ન હોય તેવી કોઈ પણ જાહેર સહાયના લાભોના રોકડ મૂલ્યની નોંધ કરશો નહીં. જો બાળ સહાય અથવા ભરણપોષણ તરીકે આવક મેળવેલી હોય, તો ફક્ત કોર્ટ આદેશ કરેલ ચૂકવણીની નોંધ કરશો. અનૌપચારિક પરંતુ નિયમિત ચૂકવણીની નોંધ ત્યારપછીના ભાગમાં "અન્ય" આવક તરીકે કરાવવી જોઈએ. |
| ડી) પેન્શન/ નિવૃત્તિ/ અન્ય તમામ આવકમાંથી આવકની નોંધ કરાવવી. અરજીમાં "પેન્શન/ નિવૃત્તિ/ અન્ય તમામ આવક"માં લાગુ પડતી તમામ આવકની નોંધ કરવી. | ઈ) પરિવારના કુલ કદની નોંધ કરાવવી."પરિવારના કુલ સભ્યો (બાળકો અને પુખ્તો)" ખાનામાં પરિવારના કુલ સભ્યોની સંખ્યા એન્ટર કરવી. આ સંખ્યા પગલાં 1 અને પગલાં 3 માં સામેલ પરિવારના સભ્યોની સંખ્યાની બરાબર હોવી જોઈએ. તમારા ઘરમાં એવા કોઈ પણ સભ્ય હોય કે જેમનો તમે અરજીમાં ઉલ્લેખ કર્યો ન હોય, તો પાછા જાવ અને તેમને ઉમેરો. તમામ પરિવારજનનો યાદીમાં સમાવેશ કરવો અત્યંત જરૂરી છે, કારણ કે તમારા પરિવારના | એફ) તમારા સોશ્યલ સિક્યુરિટી નંબરના છેલ્લા ચાર અંક રજૂ કરશો. એક પુખ્ત પરિવારજને અહીં અપાયેલી જગ્યામાં તેમના સોશ્યલ સિક્યુરિટી નંબરના છેલ્લા ચાર અંક ફરજિયાત એન્ટર કરવા પડશે. તમારી પાસે સોશ્યલ સિક્યુરિટી નંબર ન હોય તો પણ તમે લાભો માટે અરજી કરવા લાયક ઠરો છો. જો ઘરના કોઈ પણ પુખ્ત સભ્ય પાસે સોશ્યલ સિક્યુરિટી નંબર હોય, તો આ જગ્યાને ખાલી છોડી દો અને "જો કોઈ એસએસ ન હોય તો ખરું કરો#." લેબલની જમણે ખાનામાં ખરું કરો. |

## પગલું 3: પરિવારના તમામ સભ્યો માટે આવકની નોંધ કરાવો

| | | |
|---|---|---|
| | કદની મફત અને ઘટાડેલા દરે આહાર માટે તમારી લાયકાતને અસર કરી શકે છે. | |

## પગલું 4: સંપર્કની માહિતી અને પુખ્તની સહી

*તમામ અરજીઓ પર પરિવારના કોઈ પુખ્તવયના સભ્યની સહી હોવી જોઈએ. આ અરજી પર હસ્તાક્ષર કરીને, તે પરિવારજન એ વાતનું વચન આપે છે કે તમામ માહિતીને સત્યતાપૂર્વક અને સંપૂર્ણપણે નોંધવામાં આવી છે. આ વિભાગને પૂર્ણ કરતા અગાઉ, કૃપા કરીને એ પણ સુનિશ્ચિત કરશો કે તમે આ અરજીના પાછળના ભાગે ગુપ્તતા અને નાગરિકી અધિકારોના નિવેદનોને વાંચી લીધા છે.*

| | | | |
|---|---|---|---|
| એ) તમારા સંપર્કની માહિતી આપો. જો આ માહિતી ઉપલબ્ધ હોય તો પૂરા પડાયેલા ખાનામાં તમારું હાલનું સરનામું લખો. જો તમારી પાસે કોઈ કાયમી સરનામું ન હોય, તો કાંઈ તેનાથી તમારું બાળક નિ:શુલ્ક અથવા ઘટાડેલા દરે સ્કૂલ આહાર માટે ગેરલાયક નથી ઠરતું. ફોન નંબર, ઈમેઈલ એડ્રેસ, અથવા બંનેની વિગતો આપવી એ વૈકલ્પિક છે, પરંતુ તેનાથી જો અમારે તમારો સંપર્ક કરવાની જરૂર પડે તો તમારા સુધી ઝડપથી પહોંચવામાં અમને મદદ મળે છે. | બી) પ્રિન્ટ કરો અને તમારા નામે સહી કરો. અરજી પર હસ્તાક્ષર કરનારા પુખ્તવયની વ્યક્તિનું નામ પ્રિન્ટ કરો અને "પુખ્તના હસ્તાક્ષર" ખાનામાં તે વ્યક્તિ સહી કરે છે. | સી) આજની તારીખ લખો. પૂરી પડાયેલી જગ્યામાં, ખાનામાં આજની તારીખ લખો. | ડી) બાળકની વંશીય અને મૂળ ઓળખો જણાવો (વૈકલ્પિક). અરજીની પાછળ, અમે તમારા બાળકના વંશ અને ઓળખ વિશે માહિતી જણાવવા કહીશું. આ ખાનું ભરવું વૈકલ્પિક છે અને તેનાથી તમારા બાળકની મફત અથવા ઘટાડેલા દરે સ્કૂલ આહાર માટેની લાયકાતને અસર નથી થતી. |

# ઘટાડેલા દરે સ્કૂલ આહાર વિશે વારંવાર પૂછાતા પ્રશ્નો

પ્રિય વાલીઓઃ

બાળકોને શીખવા માટે તંદુરસ્ત આહારની જરૂર છે.**[Name of School/School District]** પ્રસ્તુત કરે છે દરેક સ્કૂલ દિવસે તંદુરસ્ત આહાર. બ્રેકફાસ્ટની કિંમત **[$]**; લંચની કિંમત **[$]**છે. તમારું બાળક નિઃશુલ્ક આહાર અથવા ઘટાડેલા દરે સ્કૂલ આહાર માટે લાયક ઠરી શકે છે. ઘટાડેલા દરો **[$]**બ્રેકફાસ્ટ માટે અને **[$]** લંચ માટે છે. આ પેકમાં સામેલ છે નિઃશુલ્ક અથવા ઘટાડેલા દરે આહારના લાભો માટેની એક અરજી, અને વિસ્તૃત સૂચનાઓનો એક સેટ. નીચે અમુક સમાન પ્રશ્નો અને જવાબો છે જે અરજીની પ્રક્રિયા દરમિયાન આપને મદદરૂપ થશે.

1. કોણ નિઃશુલ્ક અથવા ઘટાડેલા દરે આહાર મેળવીશકે છે?
    - એવા ઘરના તમામ બાળકો કે જેઓ **[State SNAP], [the Food Distribution Program on Indian Reservations (FDPIR)]**અથવા**[State TANF]**પાસેથી લાભ મેળવી રહ્યા હોય, તેઓ નિઃશુલ્ક આહાર માટે લાયક ઠરે છે.
    - પાલક કાળજી એજન્સી અથવા અદાલતની કાનૂની જવાબદારી હેઠળ હોય તેવા પાલક શિશુઓ નિઃશુલ્ક આહાર માટે લાયક ઠરે છે.
    - પોતાની સ્કૂલના હેડ સ્ટાર્ટ પ્રોગ્રામમાં સહભાગી થતા હોય તેવા બાળકો નિઃશુલ્ક આહાર માટે લાયક ઠરે છે.
    - જે બાળકો બેઘર, ઘરેથી ભાગેલા, અથવા હિજરતીની વ્યાખ્યાને પરિપૂર્ણ કરતા હોય તેઓ નિઃશુલ્ક આહાર માટે લાયક ઠરે છે.
    - જો તમારા ઘરની આવક ફેડરલ ઈન્કમ એલિજીબિલિટી ગાઈડલાઈન્સની મર્યાદામાં હોય તો બાળકોને નિઃશુલ્ક અથવા ઘટાડેલા દરે આહાર મળી શકે છે. તમારા ઘરની આવક આ ચાર્ટની મર્યાદામાં અથવા તેના કરતા નીચી હોય તો બાળકો નિઃશુલ્ક અથવા ઘટાડેલા દરે આહાર માટે લાયક ઠરી શકે છે.

| ફેડરલ એલિજીબિલિટી ઈન્કમ ચાર્ટ શાળાકીય વર્ષ _______ માટે | | | |
|---|---|---|---|
| પરિવારનું કદ | વાર્ષિક | માસિક | સાપ્તાહિક |
| 1 | | | |
| 2 | | | |
| 3 | | | |
| 4 | | | |
| 5 | | | |
| 6 | | | |
| 7 | | | |
| 8 | | | |
| દરેક વધારાની વ્યક્તિઃ | | | |

2. મને કેવી રીતે ખબર પડશે કે મારું બાળક બેઘર, હિજરતી અથવા ઘરેથી ભાગેલા તરીકે લાયક ઠરે છે? શું તમારા પરિવારના સભ્યોનું કોઈ કાયમી સરનામું નથી? શું તમે આશ્રયસ્થાનમાં, હોટેલમાં, અથવા અન્ય કોઈ હંગામી આવાસ વ્યવસ્થામાં એકસાથે નિવાસ કરો છો? શું તમારો પરિવાર ઋતુના આધારે પુનઃવસન કરે છે? શું તમારી સાથે એવું કોઈ બાળક રહે છે જેણે તેના અગાઉના પરિવાર અથવા ઘર સાથે રહેવાની પસંદગી કરી છે? જો તમને લાગતું હોય કે તમારા ઘરનું બાળક આ

વિવરણોને પરિપૂર્ણ કરે છે અને તમને એવું કહેવાયું ન હોય કે તમારા બાળકને નિઃશુલ્ક આહાર મળશે, તો કૃપા કરીને કોલ કરો અથવા ઈ-મેઈલ કરો**[school, homeless liaison or migrant coordinator]**પર.

3. શું મારે દરેક બાળક માટે અલગ અરજી કરવાની રહેશે? ના. *તમારા ઘરમાંના તમામ વિદ્યાર્થીઓ માટે એક જ નિઃશુલ્ક અને ઘટાડેલા દરે સ્કૂલ આહાર અરજી કરવાની રહેશે.*અધૂરી હોય તેવી અરજી અમે સ્વીકારી શકતા નથી, માટે તમામ જરૂરી માહિતી ભરી દેવાનું સુનિશ્ચિત કરશો. સંપૂર્ણ વિગતો ભરેલી અરજી**[name, address, phone number]**ને પરત કરશો.

4. મારા બાળકોનો નિઃશુલ્ક આહાર અગાઉથી મંજૂર થઈ ચૂક્યો છે તેવો પત્ર ચાલુ સ્કૂલ વર્ષ દરમિયાન મળે પ્રાપ્ત થાય તો પણ શું મારે આ માટે અરજી કરવાની? ના, પરંતુ કૃપા કરીને તમને મળેલા પત્રને કાળજીપૂર્વક વાંચીને તેની સૂચનાઓનો અમલ કરશો. જો તમારા ઘરમાંથી કોઈ પણ બાળક તમારા લાયકાતના જાહેરનામાંમાં સામેલ ન હોય, તો **[name, address, phone number, e-mail]**નો તાત્કાલિક સંપર્ક કરશો.

5. શું હું ઓનલાઈન અરજી કરી શકું? હા! તમે સક્ષમ હોવ તો કાગળ દ્વારા અરજી કરવાને બદલે ઓનલાઈન અરજી કરવા આપને પ્રોત્સાહિત કરાય છે. ઓનલાઈન અરજીમાં પણ આ જ જરૂરિયાતો છે અને તમારી પાસે કાગળ પરની અરજી જેવી જ માહિતી માગવામાં આવશે. ઓનલાઈન અરજી ભરવાનું શરૂ કરવા અથવા તેની પ્રક્રિયા વિશે વધુ જાણવા **[website]**ની મુલાકાત લેશો. ઓનલાઈન અરજી વિશે તમને કોઈ પ્રશ્ન હોય તો **[name, address, phone number, e-mail]**નો સંપર્ક કરશો.

6. મારા બાળકની અરજી ગત વર્ષે મંજૂર કરાઈ હતી. શું મારે હવે નવી અરજી કરવાની જરૂર રહ છે? હા. તમારા બાળકની અરજી ફક્ત તે સ્કૂલ વર્ષ અને ચાલુ સ્કૂલ વર્ષના પ્રથમ થોડાક દિવસો **[date]**સુધી જ માન્ય હતી. તમારું બાળક નવા સ્કૂલ વર્ષ માટે માન્ય છે તેવી તમને સ્કૂલ જાણ કરે તે સિવાયના સંજોગોમાં તમારે ફરજિયાત નવી અરજી કરવાની રહેશે. જો તમે સ્કૂલ દ્વારા મંજૂર કરાયેલ હોય તેવી નવી અરજી નહીં મોકલો અથવા નિઃશુલ્ક આહાર માટે તમારું બાળક લાયક ઠરે છે તેવી તમને જાણ ન કરાય, તો તમારા બાળક માટે આહાર માટે સંપૂર્ણ કિંમત લાગુ થશે.

7. મને ડબ્લ્યુઆઈસી મળ્યું છે. શું મારું બાળક નિઃશુલ્ક આહાર મેળવી શકે છે? ડબ્લ્યુઆઈસીમાં સહભાગી પરિવારોના બાળકો નિઃશુલ્ક અથવા ઘટાડેલા દરે આહાર માટે લાયક ઠરી <u>શકે છે.</u> કૃપા કરીને અરજી મોકલી આપશો.

8. શું મેં મોકલેલી અરજીની ચકાસણી થશે? હા. અમે તમને તમે જણાવેલી પારિવારિક આવકનો લેખિતમાં પૂરાવો મોકલી આપવા જણાવી શકીએ છીએ.

9. જો હું અત્યારે લાયક ઠરતો ન હોઉં, તો શું હું પછીથી અરજી મોકલી શકું છું? હા તમે સ્કૂલ વર્ષ દરમિયાન કોઈ પણ સમયે અરજી મોકલી શકો છો. ઉદાહરણ સ્વરૂપે, કોઈ બાળકના માતા-પિતા અથવા વાલી બેરોજગાર બને અથવા પારિવારિક આવક નિશ્ચિત મર્યાદા કરતા નીચી જાય તો તેઓ નિઃશુલ્ક અથવા ઘટાડેલા દરે આહાર મેળવવા લાયક ઠરી શકે છે.

10. મારી અરજી વિશે સ્કૂલના નિર્ણય સાથે હું સંમત ન થાઉં તો શું?તમારે પહેલા સ્કૂલના અધિકારીઓ સાથે વાત કરવી. તમે **[name, address, phone number, e-mail]**ને પત્ર લખી અથવા ફોન કરીને સુનાવણી માટે જણાવી શકો છો.

11. શું મારા પરિવારમાંથી કોઈ અમેરિકન નાગરિક ન હોય તો પણ હું અરજી કરી શકું?હા. તમે, તમારા બાળક, અથવા અન્ય પરિવારજને નિઃશુલ્ક અથવા ઘટાડેલા દરે સ્કૂલ આહાર માટે અરજી કરવા અમેરિકન નાગરિક હોવું જરૂરી નથી.

12. મારી આવક હંમેશા સમાન ન રહે તો શું?તમે <u>સામાન્યપણે</u> જે આવક મેળવતા હોવ તે જમઆવો. ઉદાહરણ સ્વરૂપે તમે દર મહિને સામાન્યરીતે 1000 ડોલરની આવક રળતા હોવ, પરંતુ ગત મહિને તમે થોડુંક કામ ગુમાવ્યું અને ફક્ત 900 ડોલર મેળવ્યા તો લખજો કે તમે પ્રતિ મહિને 1000 ડોલર મેળવો છો. તમે સામાન્યતઃ ઓવરટાઈમ મેળવતા હોવ તો તેને સામેલ કરશો, પરંતુ જો

તમે કવચિત જ ઓવરટાઈમ કરતા હોવ તો તેનો સમાવેશ કરશો નહીં. જો તમે નોકરી ગુમાવી હોય અથવા તો તમારા કામના કલાકો કે મહેનતાણું ઘટાડાયું હોય, તો તમારી વર્તમાન આવક લખશો.

13. પરિવારના અમુક સભ્યો પાસે લખવા માટે કોઈ આવક જ ન હોય તો શું? પરિવારના સભ્યો અરજી પર લખવા અમે તમને જણાવીએ છીએ તે પ્રકારની આવક પ્રાપ્ત કરતા ન પણ હોય અથવા તો તેમની કોઈ આવક જ ન હોય તેવું પણ બને. જ્યારે પણ આમ થાય, તો કૃપા કરીને તે ખાનામાં 0 લખશો. જો કે, કોઈ પણ આવકનું ખાનું ખાલી છોડાશે તો તે આવકને પણ શૂન્ય જ ગણવામાં આવશે. કોઈ પણ ખાનું ખાલી છોડતા પહેલાં સાવધાની રાખશો, કારણ કે અમે ધારી લઈશું કે તમે જાણી જોઈને આમ કર્યું છે.

14. અમે સૈન્યમાં છીએ. શું અમારે અમારી આવક અલગ રીતે રિપોર્ટ કરવાની?તમારો બેઝિક પગાર અને રોકડ બોનસને આવક તરીકે દર્શાવવી. જો તમને ઓફ-બેઝ આવાસ, રાશન અથવા કપડાં માટે રોકડમાં કોઈ ભથ્થું મળતું હોય તો તેનો પણ આવકમાં સમાવેશ કરવો. જો કે, જો તમારો આવાસ મિલિટરી હાઉસિંગ પ્રાઈવેટાઈઝેશન ઈનિશિયેટિવનો ભાગ હોય, તો તમારા નિવાસ ભથ્થાંને આવક તરીકે દર્શાવશો નહીં. જો કે, તમને તૈનાત કરાય તેના પરિણામે કોઈ વધારાનું લડાઈ ભથ્થું ચૂકવાય તો તેને પણ આવકમાંથી બાકાત રાખવું.

15. મારા પરિવાર માટે અરજી પર પૂરતી ખાલી જગ્યા ન હોય તો શું? અલગ કાગળના ટુકડા પર વધારાના પરિવારજનની વિગતો લખીને તેને અરજી સાથે જોડી દેવી. બીજી અરજી મેળવવા**[name, address, phone number, e-mail]**નો સંપર્ક કરવો.

16. મારા પરિવારને વધુ મદદની જરૂર છે. શું એવા અન્ય કાર્યક્રમ છે જેના માટે અમે અરજી કરી શકીએ છીએ?**[State SNAP]**અથવા અન્ય સહાય લાભો માટે કેવી રીતે અરજી કરવી તેના વિશે જાણવા, તમારી સ્થાનિક સહાયતા કચેરીનો સંપર્ક કરવો અથવા **[State hotline number]**ને પત્ર લખવો.

જો તમને કોઈ પણ સવાલ હોય અથવા મદદની જરૂર હોય, તો **[phone number]**પર કોલ કરવો.

આપનો વિશ્વાસુ,

**[signature]**